# A Synopsis

of The Thesis to be Submitted for

**Ph. D. Degree in Gujarati**

At The Maharaja Sayajirao University of Baroda,

Vadodara

ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા,

વડોદરામાં.

ગુજરાતી વિષયમાં પીએચ.ડીની પદવી માટે રજૂ થનાર શોધનિબંધની રુપરેખા.

**Research Topic for Ph.D.**

**"A Critical Study of Dalpat Chauhan's Contribution to Gujarati Dalit Literature."**

**"ગુજરાતી દલિત સાહિત્યમાં દલપત ચૌહાણના યોગદાનનો સમીક્ષાત્મક અભ્યાસ"**

**Presented By**

Rajendra.N.Parmar

**Guide**

Dr. Bharat Mehta

Professor

Department of Gujarati,

Faculty of Arts

The M. S. University of Baroda, Vadodara.

## શોધનિબંધની રુપરેખા

મારા શોધનિબંધનો વિષય છે"ગુજરાતી દલિત સાહિત્યમાં દલપત ચૌહાણના યોગદાનનો સમીક્ષાત્મક અભ્યાસ"પ્રસ્તુત શોધનિબંધને સુનિયોજીત અને સચોટ બનાવવા તથા તેના પ્રત્યેક પાસાને યોગ્ય ન્યાય મળી રહે એ હેતુથી નવ પ્રકરણમાં વિભાજીત કરેલ છે.આ શોધનિબંધનો પ્રકરણવાર અનુક્રમ નીચે મુજબ છેઃ


| | | |
|---|---|---|
| પ્રકરણ : ૧ | | ગુજરાતી દલિત સાહિત્યની ગતિવિધિ |
| | પ્રકરણ:૧.૧ | ગુજરાતી દલિત કવિતા |
| | પ્રકરણ:૧.૨ | ગુજરાતી દલિત વાર્તા |
| | પ્રકરણ:૧.૩ | ગુજરાતી દલિત નવલકથા |
| | પ્રકરણ:૧.૪ | ગુજરાતી દલિત આત્મકથા |
| | પ્રકરણ:૧.૫ | ગુજરાતી દલિત નાટક |
| | પ્રકરણ:૧.૬ | ગુજરાતી દલિત વિવેચન |
| પ્રકરણ : ૨ | | દલપતચૌહાણ : વ્યક્તિત્વ અને સાહિત્ય પરિચય |
| પ્રકરણ : ૩ | | કવિ દલપત ચૌહાણ |
| પ્રકરણ : ૪ | | નવલકથાકાર દલપત ચૌહાણ |
| પ્રકરણ : ૫ | | વાર્તાકાર દલપત ચૌહાણ |
| પ્રકરણ : ૬ | | નાટયકાર દલપત ચૌહાણ |
| પ્રકરણ : ૭ | | વિવેચક - દલપત ચૌહાણ |
| પ્રકરણ : ૮ | | દલપત ચૌહાણનું પ્રકીર્ણ સાહિત્ય |
| પ્રકરણ : ૯ | | ઉપસંહાર |
| પરિશિષ્ટઃ૧ | | A Presentation Under Departmental Coursework (Phase - I) for Ph.D. Students (દલપત ચૌહાણ કૃતઃ'મૂંઝારો'વાર્તાનો આસ્વાદ) |
| પરિશિષ્ટઃ૨ | | સર્જક સાથેની રુબરુ મુલાકાત |
| પરિશિષ્ટઃ૩ | | સંદર્ભગ્રંથ સૂચિ |
| પરિશિષ્ટઃ૪ | | કર્તાસૂચિ |

# પ્રકરણ:૧

પ્રસ્તુત પ્રકરણમાં ગુજરાતી દલિત સાહિત્યની ગતિવિધિનો અભ્યાસ રજુ કરવામાં આવ્યો છે.આધુનિક ભારતીય સાહિત્યમાં દલિત સાહિત્યનું સ્થાન આગવું છે.સમાજમાં જે જાતિના લોકોને અસ્પૃશ્ય ગણવામાં આવતા હતા એમના દ્વારા સાહિત્યિક રચનાઓ આઝાદી પછી સંવિધાન લાગુ થતા મળી.આ પ્રકરણમાં દલિત સાહિત્ય એવા નામકરણ હેઠળ દલિત સમાજજીવનની સંવેદનાઓ આલેખાવા લાગી એ પૂર્વે આંદોલનરુપે તે કઇ રીતે અસ્તિત્વમાં આવ્યું એની પાછળના સામાજિક,આર્થિક રાજકીય પરિબળોની ચર્ચા કરવામાં આવી છે.સૌપ્રથમ મરાઠી ભાષામાં દલિત સાહિત્યની શરુઆત થઇ.એ પછી આ પ્રવાહ ભારતની વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં પહોચ્યો.ગુજરાતી ભાષામાં આ પ્રવાહ નિર્માણની શરુઆત મરાઠી દલિત સાહિત્યના સંપર્કથી થયો એમ કહી શકીએ તેમ છતાં કેટલાક પ્રાદેશિક કારણો પણ આ સાહિત્યના નિર્માણ પાછળ જવાબદાર છે એમ ચોક્કસપણે કહી શકીએ.આ કારણોનો અભ્યાસ અહી કરવામાં આવ્યો છે.

મરાઠી દલિત સાહિત્યની જેમ ગુજરાતી દલિત સાહિત્યની શરુઆત પણ કવિતા લેખનથી થાય છે. ઈ.સ. ૧૯૭૫માં ચાલેલી'પેન્થર'ચળવળની સાથે કવિતા સર્જન ચાલુ રહે છે. આ સમય દરમ્યાન રચાયેલા કાવ્યોનું સંપાદન રમેશચંદ્ર પરમાર દ્વારા'અંજલિ'નામે ૧૯૮૭માં પ્રકટ થયુ.સાતમાં દાયકામાં'પરિવર્તન'નામનું છાપું આવ્યુ અને આઠમાં દાયકામાં'તમન્ના','ગરુડ','દલિતબંધુ','આર્તનાદ', 'આક્રોશ'પ્રકટ થયુ.એ પછી પ્રતિબધ્ધ દલિત કવિતા ઋતુપત્ર'કાળો સૂરજ'૧૯૭૯માં પ્રકાશિત થયુ.આ બન્ને ઋતુપત્રોનું પ્રકાશન દલિત કર્મશીલો દલપત ચૌહાણ, પ્રવીણ ગઢવી, નીરવ પટેલ અને મધુકર ચૌધરી દ્વારા થયું હતું.

ગુજરાતી દલિતવાર્તાક્ષેત્રે પ્રથમવાર'ચાંદની'નામના પાક્ષિકમાં દલિતવાર્તા વિશેનો વિશેષાંક ૧૯૮૫માં પ્રસિદ્ધ થયો એ પછી'દલિત સાહિત્ય હોવુ જોઈએ કે નહિ ?'ની ચર્ચા દલિત સાહિત્ય માટે મહત્વની બની રહે છે.'નયા માર્ગ'માં જોસેફ મેકવાનનાં રેખાચિત્રો છપાય છે. ઈ.સ.૧૯૮૧માં પ્રથમ'દલિત કવિતા'કવિતા સંગ્રહ (સંપાદક : ગણપત પરમાર, મનીષી જાની)પ્રસિધ્ધ થયો. ઈ.સ.૧૯૮૬માં'વ્યથાના વીતક'રેખાચિત્ર સંગ્રહ જોસેફ મેકવાન પાસેથી મળે છે. 'ગુજરાતી દલિતવાર્તા'સંગ્રહ(સંપાદક : હરીશ મંગલમ્, મોહન પરમાર)પ્રસિધ્ધ થયા.ગુજરાતી દલિતકવિતા ક્ષેત્રે પ્રવીણ ગઢવી, દલપત ચૌહાણ, નીરવ પટેલ, અરવિંદ વેગડા, શંકર પેંટર, જીવણ ઠાકોર, હરીશ મંગલમ્, મંગલ રાઠોડ, રાજુ સોલંકી વગેરે જેવા કવિઓ પાસેથી ગીત, ગઝલ, અછાંદસ જેવા સ્વરૂપોમાં દલિતકવિતા મળે છે.

કવિતાને મુકાબલે કથા-સાહિત્યક્ષેત્રે કેટલીક નોંધપાત્ર કૃતિઓ ગુજરાતી દલિતસાહિત્યએ ગુજરાતી સાહિત્યને ભેટ ધરી છે.દલિત નવલકથાઓ અનુઆધુનિક પ્રવાહની મહત્ત્વની ધારા બને છે.જેમાં જોસેફ મેકવાનની'આંગળિયાત'(૧૯૮૬) 'મારી પરણેતર'(૧૯૮૮) 'મનખાની મિરાત'(૧૯૯૨) 'આજન્મ અપરાધી'(૧૯૯૫) 'લક્ષ્મણની અગ્નિ પરીક્ષા'(૧૯૯૭) 'અમર ચાંદલો'(૨૦૦૨) 'દરિયા'(૨૦૦૨) દલપત ચૌહાણની'મલક'(૧૯૯૧) 'ગીધ'(૧૯૯૯) 'ભળભાખળું'(૨૦૦૪) 'રાશવા સૂરજ', હરીશ મંગલમ્ની'તિરાડ'(૧૯૯૨) 'ચોકી'(૧૯૯૨) મોહન પરમાર'નેળિયું'(૧૯૯૨) 'પ્રિયતમા-૧-૨'(૧૯૯૫) 'ડાયા પશાની વાડી'(૨૦૦૩) બી.કેશરશિવમ્ની 'શૂળ', 'મૂળ અને ધૂળ'(૧૯૯૯) ગણેશ આચાર્યની'અસ્તિત્વ'(૨૦૦૦) દક્ષા દામોદરાની'શોષ'અને સાવિત્રી મૂખ્ય છે.

ગુજરાતી દલિત નવલકથાની જેમ ગુજરાતી દલિત વાર્તામાં પણ કેટલીક નોંધપાત્ર રચનાઓ મળે છે. અને એમાંની કેટલીક વાર્તાઓએ ગુજરાતી સાહિત્યની મહત્ત્વની વાર્તાઓમાં પણ સ્થાન પ્રાપ્ત કર્યું છે.'દલિત સાહિત્ય'નાં પ્રારંભે લખાયેલી વાર્તાઓનું સંપાદન મોહન પરમાર, હરીશ મંગલમ્ દ્વારા'ગુજરાતી દલિત વાર્તાઓ'ના નામે થાય છે. ત્યારબાદ 'દલિત ગુજરાતી વાર્તા'(૧૯૯૫)'પ્રતિનિધિ દલિત વાર્તા'(૧૯૯૭)જેવાં સંપાદનો પ્રાપ્ત થાય છે.કેટલાક વ્યક્તિગત વાર્તાસંગ્રહો પ્રવીણ ગઢવી, હરીશ મંગલમ્,ભી.ન. વણકર,દલપત ચૌહાણ,બી. કેશરશિવમ્ વગેરે દલિત અને અદલિત સર્જકો પાસેથી મળે છે.

નાટક સ્વરૂપની કેટલીક રચનાઓ અદલિત સર્જકો ઉમાશંકર જોશી, ચંદ્રભાઈ ભટ્ટ પાસેથી મળી છે.ત્યારબાદ દલપત ચૌહાણ પાસેથી'અનાર્યાવર્ત','હરીફાઈ' નાટક - એકાંકી સંગ્રહો મળે છે. મોહન પરમાર પાસેથી પણ દલિત એકાંકી સંગ્રહ'બહિષ્કાર'મળે છે.

મરાઠી દલિતસાહિત્યમાં જેટલા પ્રમાણમાં આત્મકથા મળે છે.એટલા પ્રમાણમાં ગુજરાતી દલિતસાહિત્યમાં આત્મકથાત્મક કૃતિઓ મળી નથી. રેખાચિત્રોમાં જોસેફ મેકવાન પાસેથી મળેલા રેખાચિત્રો મહત્વનું સ્થાન અંકિત કરે છે.ગુજરાતી દલિત વિવેચન ક્ષેત્રે દલિત કૃતિઓનું રસદર્શન અને આસ્વાદ કરાવતા કેટલાક વિવેચન સંગ્રહો આપણને મળે છે. પરંતુ તેના પ્રમાણમાં'સિદ્ધાંતલક્ષી વિવેચન'થયેલું જોવા મળતુ નથી.નિબંધ સ્વરૂપમાં ખેડાણ કરનારાઓમાં જોસેફ મેકવાન,બી.કેશરશિવમ્,બાલકૃષ્ણ આનંદ જેવા નામો લઈ શકાય.જેમની પાસેથી વ્યક્તિગત નિબંધ સંગ્રહો આપણને મળે છે.

ગુજરાતી દલિત સાહિત્યના પ્રસાર-પ્રચારમાં'હયાતી','દિશા','દલિત ચેતના','દલિત અધિકાર','સમાજ સૌરભ', જેવા સામયિકો મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે.તેમાં વાર્તાઓ, કવિતાઓ, સમીક્ષાઓ અને પ્રકીર્ણ સાહિત્ય પ્રસિધ્ધ થતુ રહે છે.અને આમ દલિત સાહિત્યના પ્રવાહને વહેતો રાખવામાં પોતાનો સહકાર પૂરો પાડી રહ્યા છે.આમ આ રીતે પ્રકરણમાં ગુજરાતી દલિત સાહિત્યની રુપરેખાનો અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે.

## પ્રકરણ:૨

## દલપત ચૌહાણ વ્યક્તિત્વ અને સાહિત્ય પરિચય

આ પ્રકરણમાં ગુજરાતી દલિત સાહિત્યનાં પ્રારંભથી જ જેમનું મહત્વનું અને વધારે યોગદાન છે એવા દલિત સર્જક દલપત ચૌહાણનાં જીવન ઘડતર અને સાહિત્યને ઘડનારા પરિબળોનો અભ્યાસ રજુ કરવામાં આવ્યો છે.દલિત પરિવારમાં જન્મેલા દલપત ચૌહાણને જાતિનો ડંખ બાળપણમાં જ મળ્યો જેનો ઊંડો ઘા તેમને સતત પીડા આપી રહ્યો હતો.એમની સાહિત્યિક રચનાઓમાં દલિત સમાજ પ્રત્યેની જે પ્રતિબદ્ધતા જોવા મળે છે એની પાછળનું મહત્વનું બિંદુ એ જ છે.અહીં દલપત ચૌહાણના જીવનનો ,એમને પ્રાપ્ત કરેલા શિક્ષણ વિશે તેમજ એમની સાહિત્યિક રુચિને ઘડનારા પરિબળોનો અભ્યાસ રજુ કરવામાં આવ્યો છે.દલપત ચૌહાણે લેખનનો પ્રારંભ ૧૯૭૦માં ગઝલથી કર્યો. તેઓએ લલિત કવિતાઓથી લખવાનું શરૂ કરતા તેમની કવિતાઓ ‘ધારા’,‘નીરવ’,‘અરવરવ’જેવા અનિયતકાલીન કવિતા પત્રોમાં પ્રસિધ્ધ થતી હતી.ધી લાલ દરવાજા પોએટ્સ વર્કશોપના નામે પ્રવીણ ગઢવી, નીરવ પટેલ સાથે તેઓ લલિતકલાના‘થ્રી ફોલ્ડર’નાના નાના ચોપાનીયા પ્રસિધ્ધ કરતા હતા.તેમનો ગુજરાતી સાહિત્યમાં પ્રવેશ લલિત કવિતાથી થયો હોવા છતા તેમનું વિપુલ પ્રમાણમાં સર્જન દલિત સાહિત્યમાં મળે છે.કવિતા,વાર્તા,નવલકથા,નાટક-એકાંકી,વિવેચન,નિબંધ એમ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં આપણને તેમની પાસેથી દલિતચેતનાને રજૂ કરતી મહત્વની સાહિત્યિક રચનાઓ મળે છે.

### સાહિત્ય સર્જન :-

૧) **કવિતા**
તો પછી – ૧૯૮૨
ક્યાં છે સૂરજ ?-૨૦૦૦

૨) **નવલકથા**
મલક - ૧૯૯૧
ગીધ – ૧૯૯૯
ભળભાંખળું – ૨૦૦૪
રાશવા સૂરજ -૨૦૧૨

૩) **નાટક - એકાંકી સંગ્રહ**
અનાર્યાવર્ત – ૨૦૦૦
હરીફાઈ – ૨૦૦૩

૪) **વાર્તા સંગ્રહ**
મૂંઝારો – ૨૦૦૧
ડર – ૨૦૦૯
ભેલાણ - ૨૦૧૩

૫) **વિવેચન લેખસંગ્રહ**

પદચિન્હ-
સમર્થન-
શબ્દભેદ
**નિબંધસંગ્રહ**
હું,સંભારણા અને સફર

## દલિત સાહિત્ય સંપાદન :-

૧) દુંદુભિ (કવિતા) – ૨૦૦૪, ૨) શબ્દે બાંધ્યો સૂરજ – ૨૦૧૧,૩) વણબોટી વાર્તાઓ – ૨૦૦૦,૪) ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓ – ૨૦૦૯,૫) સ્વકીય – ૨૦૧૨

## શબ્દકોશ :-

તળની બોલી (૨૦૦૯) (ઉતર ગુજરાતના દોતર પરગાણાના દલિત પછાતોના શબ્દોનું સંકલન)

## ગુજરાતી દલિત સાહિત્યનો ઈતિહાસ :-

ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ (૨૦૦૮)

તેમને ‘તો પછી’ (૧૯૮૩)માટે ઈસ્કસ એવોર્ડ‘પાટણને ગોંદરે(નાટક)માટે૧૯૮૭માં અખિલ ભારતીય રેડિયો નાટય લેખન પ્રતિયોગિતા પુરસ્કાર,‘અનાર્યાવર્ત’(નાટક) માટે ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી શ્રેષ્ઠ પુસ્તક પુરસ્કાર(૨૦૦૦)નવલકથા‘ગીધ’માટે સંતોકબા સૂવર્ણચંદ્રક‘ભળભાંખળું’નવલકથા માટે દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડ(૨૦૦૫-૦૬) જેવા વિવિધ પુરસ્કારોથી તેમને સન્માનિત કરવામાં આવ્યા છે.

## પ્રકરણ : ૩ :

# કવિ દલપત ચૌહાણ

આ પ્રકરણમાં ગુજરાતી દલિત સાહિત્યમાં કવિતા ક્ષેત્રે દલપત ચૌહાણના યોગદાનનો અભ્યાસ રજુ કરવામાં આવ્યો છે.તેમની પાસેથી'તો પછી'અને'ક્યાં છે સૂરજ'એમ બે કાવ્યસંગ્રહો મળે છે'તો પછી'(૧૯૮૨)માં પ્રણય અને અન્ય,ઈતિહાસ અત્યાચાર,ગીત અને ગઝલ એમ ચાર વિભાગમાં તેમની રચનાઓ વહેચાયેલી છે.આ રચનાઓનો પ્રધાન સૂર પ્રણય વૈફલ્ય,વર્તમાન જીવન સંદર્ભ,શોષણ વગેરે અંગેની તીવ્ર સંવેદનાનો છે.પહેલા વિભાગમાં આપણને વિષય વૈવિધ્ય જોવા મળે છે પણ એનો મુખ્ય વિષય પ્રણય છે.પ્રણય પ્રેમના વિવિધ પાસા પ્રિયતમા પ્રેમ,શિશુવાત્સલ્ય,દાંપત્ય પ્રેમ એમ પ્રેમના વિવિધ સ્વરૂપો અહી નિરૂપાયેલા જોવા મળે છે.'તારો ચેહરો,''યાદ','શંકા','આદમ અને ઈવ','તું અને હું','પ્રિયને સંબોધન'તેમજ'પ્રિયે'માં પ્રણયાનુભૂતિને સુપેરે અભિવ્યક્તિ સાંપડી છે.'હું અને આકડાનું ફૂલ'રચનામાં સાસરે ગયેલી નવવધૂની મનઃસ્થિતિને વાચા સાંપડી છે.'વિદાય'કાવ્યમાં શિશુ- મરણની કરુણ અભિવ્યક્તિ ઉત્કટતા છતા લાઘવપૂર્વક થઈ છે.

'ઇતિહાસ/અત્યાચાર' વિભાગની રચનાઓ જીવન સંઘર્ષ-વર્ગ સંઘર્ષને નિરૂપે છે.વર્ગભેદ,દોરદમન,શોષણ, જુલમ,સમાજ વ્યવસ્થા,અર્થ વ્યવસ્થામાં રિબાતી-પીડાતી પ્રજાના ચહેરા પર લાલશભરી કાળાશ તગતગે છે.જેમનું ભાવિ આ વિશાળ દેશમાં હજીયે પ્રશ્નાર્થ છે.અવી પ્રજાનો આક્રોશ આ રચનાઓમાં વ્યક્ત થયેલો જોવા મળે છે.'ક્યાં છે સૂરજ?','તેઓને માટે','મુઠ્ઠી-મુક્કી','બેયોનેટ','ચાડિયો','અસ્પૃશ્ય','ભૂખ'આદિ રચનાઓ દલિત પ્રશ્નો અને દલિત સંવેદનાઓની બળકટ અભિવ્યક્તિ બની રહે છે.'અસ્પૃશ્ય'રચનામાં હજારો વર્ષથી જેને સ્પૃશ્ય માનવામાં આવ્યો નથી.એવા દલિત સમાજની વ્યથાને આ કાવ્યમાં વ્યક્ત કરવામાં આવી છે.તો'બૅયોનેટ'રચનામાં માનવજાતિના માથા પર સદીઓથી ઝળુંબતા સંહારક સર્વનાશી હિંસક પરીબળો'બેયોનેટ'ના પ્રતીક દ્વારા રજૂ કરતા જોવા મળે છે.

અછાંદસ રચનાઓની સાથે દલપત ચૌહાણ પાસેથી ગીત અને ગઝલ સ્વરૂપની રચનાઓ પણ અહી મળે છે.'પાનખરની પ્રીતડી અમારી','હિલોળા લેશું','આભાસી ગીત','ગામની સાંજ','બળતા માનવીનું ગીત','વ્હાલમનો ચહેરો ચીતરીએ','અધૂરી વારતા','તરડયા કંકણ'જેવી ગીત રચનાઓ છે.તો'તો પછી'અને નામાભિધાન વિનાની ૬, ૧૨, ૧૩ અને ૧૪ નંબરની રચનાઓ ગઝલ સ્વરૂપમાં છે.ઓછામાં ઓછા શેરમાં તેમની ગઝલો લખાયેલી છે.અહી પ્રણય,મૈત્રીના સંમવેદનો ગઝલમાં વ્યક્ત થયેલા છે.

'ક્યાં છે સૂરજ?'એમનો બીજો કાવ્યસંગ્રહ લાંબા અંતરાલ બાદ મળે છે.'વેદના','અસ્તિત્વ મારું','મ્યાનમાંથી બહાર','સંભારણા','અમદાવાદની પાળે'','ચાલો સૂરજ શોધીએ'એમ છ ભાગમાં વહેચાયેલો

આ કાવ્યસંગ્રહ એમની પ્રખર દલિતચેતનાનો દસ્તાવેજ છે.છ ભાગમાં વહેચાયેલી આ રચનાઓમાં અછાંદસની સાથે ચાર ગઝલ અને એક ગીત મળે છે.સંગ્રહની તમામ રચનાઓનું પોત દલિતસમાજ જીવનની જાગૃતિને વરેલુ છે.પછાત-પાછળ રહી ગયેલા વર્ગને ઢંઢોળવાનો પ્રયત્ન આ કાવ્યોમાં થયેલો જોવા મળે છે. પ્રથમ ભાગમાં સદીઓની વેદનાને શબ્દનો સંગાથ લાધ્યો છે. જેમાં‘પ્રિયે’ના સંબોધન વળે પીડાને આલેખવામાં આવી છે. કવિનો સમાજ નવરચના, જાગૃતિ, વૈયક્તિક ચેતના પ્રત્યેનો આત્મવિશ્વાસ પણ આ રચનાઓમાં છલકતો જોવા મળે છે.મોટાભાગે સામાજિક તિરસ્કાર અને અછૂતપણાની અભિવ્યક્તિ આ કાવ્યોમાં ઉગ્ર સ્વરૂપે થયેલી જોવા મળે છે.દલપત ચૌહાણે પોતાના સમાનધર્મીઓને સંબોધીને લખેલા કાવ્યોમાં‘નીંદર તોડો’,‘મજૂર’,‘સાથી મજદૂર’,‘હું દલિત તું વનવાસી’,‘કેસૂડાં’ જેવા કાવ્યોને સમાવેશ થાય છે.આમ અહી આ રીતે કવિ તરીકેની તેમની વિશિષ્ટતાઓ અને મર્યાદાઓનો અભ્યાસ પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

## પ્રકરણ : ૪ :

## નવલકથાકાર દલપત ચૌહાણ

ગુજરાતી દલિત કથાસાહિત્યક્ષેત્રે દલપત ચૌહાણનું આગવું યોગદાન રહેલું છે.તેમની પાસેથી 'મલક','ગીધ','ભળભાંખળું'અને'રાશવા સૂરજ'એમ ચાર નવલકથાઓ મળે છે.'મલક'તેમની પ્રથમ અને નવલકથાકાર તરીકે પ્રસ્થાપિત કરતી લઘુનવલકથા છે.નવલકથાનું કથાવસ્તુ સોળ પ્રકરણોમાં વિભાજીત છે.જેમાં કેન્દ્રસ્થાને આઝાદી પૂર્વેના ગામડામાં વસતો દલિત વણકર સમાજ છે.અહી નાયક તરીકે આખો વણકર સમાજ છે.લેખકને કોઈ એક દલિત પાત્રની સંવેદનાઓને પણ આખા દલિતસમાજની વેદનાને રજૂ કરવી છે.તેથી નવલકથામાં તેમણે કોઈ એક પાત્રને કેન્દ્રસ્થાને નથી મુકયું.ચૌધરી ગોકળ હોમળના ખેતરમાં સાથી તરીકે કામ કરતો વણકર ભગો અને હોમળની પુત્રવધૂ વચ્ચે સંબંધ બંધાય છે. સંતોકનો પતિ નમાલો-નપુંસક છે.ભગા-સંતોકના દેહસંબંધથી સતોકને પુત્ર જન્મે છે.દાયણ ફતામાં કહે છે કે બાળક તો તદન ભગલા જેવુ છે.જે વાત આખા ગામમાં પ્રસરે છે.ગામના યુવાનો ગામની અને જાતની આબરૂ સાચવવા દલિતોને'બાવનિયા'માં નાખવાની જાહેરાત કરે છે.આભડછેટ-સ્વમાન જાળવવા, દલિતોને ગામમાંથી ભગાડી મુકે છે.એક યા બીજો પ્રશ્ને દલિતોને ઘણું વેઠવું પડતું હોય છે એમ અહી ભગાના વર્તણુકને લીધે દલિતોને હિજરત કરવાની ફરજ પડે છે.હિજરત કરી રહેલા દલિત પાત્રોની આપવીતી એક પછી એક લેખક આપણી સમક્ષ પ્રકટ કરતા જાય છે.આ માટે લેખકે એક જ રાતનો સમયગાળો નવલકથામાં રજૂ કર્યો છે.વિષયવસ્તુ અને અભિવ્યક્તિની દ્રષ્ટિએ મલક દલિત જીવનના હિજરતીઓના મનહ્રદયની સંવેદના આલેખતી વણકર જ્ઞાતિના સામાજિક જીવનનું તાદ્રશ્ય ચિત્રણ થયેલુ અહી જોવા માળે છે.

'ગીધ'(૧૯૯૯)નવલકથામાં પણ આઝાદી પૂર્વે ગામડામાં વસતા દલિતોની કફોડી-કરુણ સ્થિતિ નિરૂપાયેલ છે.લેખકે અહી ફ્લેશબેક પધ્ધતિથી કથાવસ્તુ નિરૂપવાનો પ્રયત્ન કર્યો છે.લેખકે અહીં સવર્ણો દ્વારા થતુ દલિતોનું શોષણ,અન્યાય,અત્યાચાર વગેરે સાંમતવાદી વ્યવસ્થાનું નિરૂપણ દલિતો અને સવર્ણ સમાજના પાત્રો દ્વારા તટસ્થ રીતે રજૂ કર્યુ છે.અહી કથાનાયક તરીકે ઈસો છે.પણ આખી કથા ભલાભાના પાત્ર દ્વારા લેખકે રજૂ કરેલી છે.ઇસો આઝાદી પૂર્વેના અસ્પૃશ્ય તરીકેની સાથી-પ્રથાનું પ્રતીક છે.ઈસો અહી માનજીભાને ત્યાં સાથી તરીકે કામ કરે છે.ચૌધરી માવજીભાની પરિણીત દિવાળી ઇસાથી આકર્ષાયેલી છે અને તેની સાથે દેહસંબંધ બાંધવા ઉત્સુક છે.ઈસો પણ નમાલો ન હોવા છતા તેનાથી દૂર રહેવાનું વધારે પસંદ કરે છે.કારણ કે તેને ખબર છે કે જો આમ થાય તો પોતાના પર અને પોતાના સમાજ પર મોટી આફત આવી પડે.તેમ છતા વગર વાંકે ઈસો બાજરીના ખેતરમાં કુટાય મરે છે અને અસલ લાભ લઈ જનારો શનોજી છટકી જાય છે.અહીથી માંડ બચેલો ઈસો કથાન્તે કરૂણ મોતને ભેટે છે.

લેખકે નવલકથામાં દલિત સમાજનો પરિવેશ તાદશ્ય રીતે નિરૂપિત કરેલો જોવા મળે છે તો દલિત સમાજમાં જોવા મળતી અંધશ્રદ્ધા,ડરપોકપણુ વગેરેને પણ અહી તટસ્થ રીતે રજૂ કરી આપે છે. સવર્ણ દ્વારા થતુ દલિતોનું શોષણ,તેઓની વચ્ચેના સંબંધો, આભડછેટ વગેરેને લેખક નવલકથામાં અંકે કરતા જોવા માળે છે.

'ભળભાંખળું' નવલકથામાં દલિત સમાજની વ્યથાકથા અને યાતનાનું વર્ણન'મલક'અને'ગીધ'કરતાં જુદી રીતે રજુ કરતા જોવા મળે છે.આ નવલકથામાં દલિતસમાજની વ્યથાઓને ઉજાગર કરવા સર્જકે શિક્ષણના પ્રશ્નને કેન્દ્રમાં રાખ્યો છે.જે સમાજને શિક્ષણ ગ્રહણ કરવાનો અધિકાર નથી તે સમાજ પોતાના બાળકને નિશાળે મુકવા વિચાર કરે તો તેની કેવી તીવ્ર પ્રતિક્રિયા સવર્ણ સમાજ દ્વારા આપવામાં આવતી તેનું અસરકારક આલેખન અહી થયુ છે.ગાયકવાડી શાસનમાં દરેકને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અધિકાર હતો.પરન્તુ સવર્ણોના કાવાદાવાથી દલિતો શિક્ષણથી વંચિત રહેવુ પડે છે.અહી મણિને નિશાળે મૂકવા માટેનો સમગ્ર વણકરવાસનો સંઘર્ષએ કથાનો  પ્રાણ છે.તો સાથોસાથ લેખકે દલિતોની સ્થિતિનો સક્ષમ દસ્તાવેજ પણ અહી નિરૂપ્યો છે.આ નવલકથામાં તત્કાલિન દલિત જીવન અને એ સમયના એમના વાણી વર્તન,રીત-રીવાજો,અન્ય સમાજ સાથેના સંબંધો,કાવા દાવા,અછૂતો સાથેનો તમામ પ્રકારનો વ્યવહાર યથાતથ નિરૂપાયો છે.તે સમયે થતા રાવણાના દશ્યો,વણકર સમાજની રોજિંદી દિનચર્યા,તેમના પરંપરાગત રીત રિવાજો,તેમની ગુરૂ પરંપરા,વણકરી ધંધાની પરિભાષા,કાપડ વણવામાં વપરાતા સાધનોના નામ,તળપદા નામ,આ બધુ સ્વાભાવિક રીતે કથામાં એકરસ થઈને રજૂ થયેલુ જોવા મળે છે તો લેખક અહી દલિતોમાં પણ જાતિ આધારિત ઊંચ-નીચ અને આભડછેટનો રોગ જોવા મળે છે તેનો નિર્દેશ  કેટલાક પાત્ર-પ્રસંગો દ્વારા રજૂ કરતા જોવા મળે છે.મણિના પાત્ર દ્વારા ચાલતી આ કથામાં પછીથી મણિનું લગ્ન થાય છે આણું થાય છે.જિયાણાં પછી કાનજીનો જન્મ થાય છે.સમય સાથે જમાનો બદલાય છે.કાનજીને નિશાળમાં દાખલ કરવામાં આવે છે.તેના લગ્ન થયા તેનો પુત્ર મયંક હવે પાટીની જગ્યાએ નોટબુકમાં લખતો થાય છે.અહી આમ મણિ ત્રણ-ત્રણ પેઢીની સ્થિતિની સાક્ષી બને છે.અને દલિત સમાજમાં આવેલા પરિવર્તનોને નિહાળે છે.પહેલાનું અંધારુ હટીને ભળભાંખળું થતુ અનુભવાય છે.દલિત સમાજ હવે'નોલેજ'વધારવા વિશેની ચર્ચા કરતો પાકા મકાનમાં નિવાસ કરતો,સોફા ટી.વી.ભીંતચિત્રોનો ઉપયોગ કરતો થયો છે.જેનો નિર્દેશ 'ભળભાંખળું' નવલકથામાં થયેલો જોવા મળે છે.

'રાશવા સૂરજ'તેમની ચોથી નવલકથા છે.સમયની સાથે દલિત સમાજમાં આવેલી જાગૃતિ,એકતા વગેરેના દર્શન અહી જોવા માળે છે.ભળભાખળું નવલકથામાં આવતી ગૌણ ઘટના લગ્નમાં પિત્તડનું બેડુ આપવાનો વિરોધ સવર્ણોએ કર્યો હતો જેનો વિસ્તાર અહીં થતો જોવા મળે છે.

## પ્રકરણ : ૫ :

## વાર્તાકાર દલપત ચૌહાણ

આ પ્રકરણમાં વાર્તાકર તરીકે દલપત ચૌહાણનો સમગ્રલક્ષી અભ્યાસ કરવામાં આવ્યો છે.તેમની પાસેથી વાર્તાઓ ઘણા સમયથી મળે છે પણ વાર્તાસંગ્રહરુપે એમની વાર્તાઓ લાંબા અંતરાલ બાદ મળે છે.દલપત ચૌહાણ પાસેથી ત્રણ વાર્તાસંગ્રહો મળે છે.'મૂંઝારો','ડર'અને'ભેલાણ'.આ ઉપરાંત હાલ પણ તેમની પાસેથી અંગ્રથસ્થ વાર્તાઓ મળે છે જે વિવિધ સામયિકોમાં છપાતી રહી છે.વાર્તાકાર તરીકે તેઓ દલિતચેતનાના આલેખન પરત્વે પ્રતિબદ્ધ રહ્યા છે એની પ્રતીતિ એમની સમગ્ર વાર્તાઓમાંથી પસાર થતા થાય છે.'મૂંઝારો' વાર્તાસંગ્રહ દલપત ચૌહાણને વાર્તાકાર તરીકે ગુજરાતી દલિત સાહિત્યની ધારામાં અગ્ર હરોળના નિવડેલા લેખક તરીકે સ્થાપી આપે છે.દલિત પ્રતિબધ્ધ સર્જક તરીકે તેમની સંગ્રહની મોટાભાગની વાર્તાઓ દલિત ચેતનાને વાચા આપતી જોવા મળે છે.લાઘવ અને સંઘર્ષ આ બે તેમની વાર્તાકળાના પ્રાણતત્ત્વો છે.આ સંગ્રહમાં કુલ અઢાર વાર્તાઓ સમાવિષ્ટ કરવામાં આવી છે.સંગ્રહની પ્રથમ વાર્તા'બદલો'માં'ઉપકારનો બદલો અપકાર'નો ભાવ રહેલો હોવા છતા એ સિવાય ઘણુ બધુ અહી જોવા મળે છે.દારૂ પીને નશાચુર બનેલો સવર્ણ વજેંસગ મોટી ઉમરના બીમાર દલિત ગોકળને લાગણીહીન બની મારે છે.કારણ માત્ર એટલુ જ છે કે ખાટલામાંથી ઉભા થઈને તેને આવકાર્યો નહી.અહી સવર્ણોમાં જોવા મળતી તોછડાઈ, દાદાગીરી, અને હૃદયહીનતાનો પરિચય મળી રહે છે.'બાનું મૃત્યું'માં પત્ની અને ગાંડીમા વચ્ચે ભીંસાતા નાયક સુરેશની કથની વ્યક્ત થઈ છે. વાર્તામાં લેખકે સુરેશના મનોગતની અભિવ્યક્તિ માટે સ્વપ્ન પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે.'દરબાર'વાર્તા બીજી બધી વાર્તાઓ કરતા તુલનામાં જરા જુદી ધરીએ ચાલે છે.વાર્તામાં દલિત અને અદલિત વચ્ચેની કશ્મકશ એક માથાભારે ગામના ઉતાર ગોબરજી અને શાળાના માસ્તર મફતલાલની ગામની જોહુકમી સામેનો કળપ્રયોગ અને એમાંય ગોબરજીનું દિલ મફતલાલ માસ્તર કેવી રીતે જીતી લે છે એનું આલેખન થયુ છે.'રોટલો'વાર્તામાં ભૂખનું ચિત્ર જુદી જ રીતે નિરૂપ્યુ છે.તો'ઘર'વાર્તામાં દલિતને પોતાને રહેવા પાકું મકાન બનાવવા માટે પરવાનગી સવર્ણાની પરવાનગી લેવી પડે છે. દલિત ઘર બનાવે અને બનાવે તો કઈ રીતે ભસ્મ કરી દેવુ ?ના કાવતરા કરતો સવર્ણ વર્ગ અહી લેખકે ચિત્રિત કર્યો છે.'બા,વાળું આલજો'વાર્તામાં દિવસે પોળોમાં વાળવાનું કામ અને બદલામાં સાંજે વાળુ માંગતા સફાઈ કામદારની આજુબાજુનાં સવર્ણ સમાજની લોલુપતા,માનસિકતા અને દંભી કુટુંબોની રહેણી-કરણીનું નિરૂપણ થયુ છે.'કાતોર'વાર્તામાં અસ્પૃશ્યતાના આચરણ પર ધારદાર કટાક્ષ સાધ્યો છે તો'એરું ઝાંઝરું'વાર્તામાં ઉપકારનો બદલો અપકારની ભાવનાથી થાય છે.'મોહન રબારી વીરાના છોકરાને-શિવાને કરડેલા સાપનું ઝેર ઉતારતો નથી કારણકે તે દલિત છે અને તેને મરવા દે છે.જ્યારે ભૂતકાળમાં એ જ શિવાના બાપે તેની ગાયને જાનને જોખમમાં મુકીને બચાવી હતી તે ઉપકારને તે ભૂલી જાય છે.'ગંગામા'વાર્તાનું વિષયવસ્તુ હરીશ મંગલમ્‌ની'દાયણ'સાથે સામ્યતા ધરાવે છે પણ દલપત ચૌહાણે તેનુ નિરૂપણ પોતાની વાર્તારીતિથી કર્યુ છે.તો

‘ચાંલ્લો’વાર્તામાં દલિત ગોર-ગોરાણી,ભારવાડા મહોલ્લામાંથી પસાર થતા સવર્ણ બ્રાહ્મણોની જોહુકમીનો ભોગ બને છે.અને વાર્તાનાયક શિવા પંડયાના કપાળે તેના પ્રતીકરૂપે કપાળમાં ઘા પડે છે.બરોબર તે જ જગ્યાએ તે ચાંલ્લો કરે છે કે જેથી ઘા દેખાય નહી.‘ઠંડુ લોહી’વાર્તા અસ્પૃશ્યતાના વિષય ઉપર નિરૂપણ કરે છે.સંકટ સમયે દલિતોના રગોમાં વહેતુ લોહી પોતાની રગોમાં વહેતુ કરી શકાય છે.પણ એજ દલિતોના ઘરનું પાણી કે ચા પી શકાતી નથી.જેવી વાતને લેખકે આ વાર્તામાં પ્રસ્તુત કરી છે.તો‘હડકાયુ કુતરુ’દલિત સમાજની અંધશ્રદ્ધાને વ્યક્ત કરી છે.તો‘મૂંઝારો’વાર્તામાં મરેલો માની લીધેલો પાડો જીવતો નીકળે અને એવા જીવતાનો પોતાને હાથે અજાણતા વધ થાય તેથી થતા મૂંઝારાને જીરવતા રણછોડના પાત્રની બાહ્યાંતર પરિસ્થિતિ તેની સંકુલતાઓ સમેત સરસ રીતે નિરૂપે છે.‘ડર’તેમનો બીજો વાર્તા સંગ્રહ છે.આ સંગ્રહમાં તેઓ દલિતચેતનાની સાથે સાથે અન્ય માનવજીવનની સંવેદનાઓને પણ લઈ આવતા જોવા મળે છે.આ સંગ્રહમાં સોળ જેટલી વાર્તાઓ સમાવિષ્ટ છે.આરંભની છ વાર્તાઓ‘ડર’,‘ચીરું’,‘વેઢ’,‘આળ’,‘ઘરાકવટી’અને‘સોનાની પૂતળીમાં દલિત સમાજની જીવન-વિડંબણાઓનું આલેખન થયુ છે.પછીની પાંચ વાર્તાઓ‘ટ્રક ન ઉપડે તો!’,‘વતન’,‘રફીક ચાચા’,‘અવરજવર’અને‘જાફર’માં કોમી વૈમનસ્યે સરજેલી હોનારતો નિરૂપાઈ છે.‘ભેલાણ’એ તેમનો ત્રીજો વાર્તાસંગ્રહ છે.આ સંગ્રહમાં કુલ સોળ વાર્તાનો સમાવેશ કરવામાં આવ્યો છે.‘ગાંઠ’,‘ભેલાણ’,‘ટોડલો’,‘કાંધિયો’,‘ઈન્સ્પેક્શન’,‘કાળકામાંની જે’,‘દરસન’,‘અફવા’,‘પવૈયા’,‘છાંટ’ વાર્તાઓમાં દલિત જીવનની સંવેદનાઓને વ્યક્ત કરતા જોવા મળે છે.આમ અહી આ પ્રકરણમાં દલિત વાર્તાકાર તરીકે એમની ખાસિયતો અને મર્યાદાઓનો અભ્યાસ રજુ કરવામાં આવ્યો છે.

## પ્રકરણ : ૬ :

# નાટયકાર દલપત ચૌહાણ

દલપત ચૌહાણ પાસેથી આપણને એક નાટયસંગ્રહ‘અનાર્યાવર્ત’અને એકાંકીસંગ્રહ‘હરીફાઇ’મળે છે. ‘અનાર્યાવર્ત’માં ત્રણ નાટકો સંગ્રહિત છે.‘અનાર્યાવર્ત’,‘અંતિમ ધ્યેય’અને માયાની દંતકથા પર આધારિત‘પાટણને ગોંદરે’નો સમાવેશ થાય છે.‘અનાર્યાવર્ત’નું નાટયબીજ મહાભારતમાંથી લેવામાં આવ્યુ છે.પણ એમાંનાં પાત્રોના વિચાર અને વર્તન લેખકે પોતાના સમયના નિરૂપ્યા છે.અનાર્યોએ આર્યોની જેમ પોતાનું એક અનાર્યાવર્ત સર્જવાનો-સ્થાપવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.તો બીજી બાજુ આર્યોને કુરુવંશ આગળ વધારવા કુલદીપકની જરૂર છે.અનાર્યોનો નાયક કૃષ્ણદ્વૈપાયન એકબાજુ અનાર્યોને અનાર્યાવર્ત સ્થાપવાની પ્રતિજ્ઞા આપી ચુક્યો છે.તો બીજી બાજુ તેની માતા સત્યવતીના કહેવાથી આર્યોને મદદ કરવી, કે ન કરવીની મૂંઝવણમાં રાજકીય ખટપટોનો ભોગ બને છે.‘અનાર્યાવર્ત’ત્રિઅંકી નાટક છે.આર્યાવર્તની એકતા સ્થાપવા મથતા ભીષ્મની સામે અનાર્યાવર્તનું સ્વપ્ન સેવનાર સત્યવતીના પુત્ર કૃષ્ણ દ્વૈપાયનને વિદ્રોહી તરીકે લેખક રજૂ કરે છે.‘અંતિમ ધ્યેય’ દ્વિઅંકી નાટક છે.આર્યોના અરાધ્ય અને પ્રિય એવા કૃષ્ણને લેખકે અનાર્યો-દલિતોની દષ્ટિથી નિરૂપવાનો પ્રયત્ન કર્યો છે.અહી કૃષ્ણનું નવુ જ અર્થઘટન મળે છે.ભૂતકાળમાં કૃષ્ણને જે રીતે ચિત્રિત કરવામાં આવ્યો છે.તેનાથી વિપરીત દષ્ટિથી તેના વ્યક્તિત્વથી પ્રભાવિત થયા વિના નાટયકાર તટસ્થતાપૂર્વક અહી કૃષ્ણને લઈ આવતા જોવા મળે છે.કૃષ્ણ પ્રત્યેના અનાર્યના આક્રોશને અહી વાચા અપાઈ છે.યુધ્ધમાં છળકપટથી અનાર્ય એકલવ્યનો વધ કરનાર કૃષ્ણને તેની જ રીતથી તેનો સર્વનાશ કરવાને‘અંતિમધ્યેય’એકલવ્યપુત્ર જર અને પુત્રી યાકુ કરે છે. દલપત ચૌહાણ આ માટે ઈતિહાસમાં જેનો ઉલ્લેખ નથી એવા કલ્પિત પાત્રોને આ‘અંતિમ ધ્યેય’ની પ્રાપ્તિ માટે આલેખતા જોવા મળે છે.જેમાં એકલવ્યના પિતા હિરણ્યઘનું અને એકલવ્ય પુત્ર જર અને પુત્રી યાકુનો સમાવેશ થાય છે.એકલવ્ય યુધ્ધપ્રેમી નહી પણ શાંતિપ્રિય હતો અને તેથી જ દ્રોણ છળકપટથી ગુરૂ-દક્ષિણામાં ડાબા હાથનો અંગુઠો માંગી લે છે.આર્યોના પક્ષપાતી અને અન્યાયી વલણોએ અનાર્યોને હથિયાર ઉઠાવવા મજબૂર કર્યા અને એમાં પણ છળકપટથી વેર લેનાર કૃષ્ણ હત્યાથી યુગોનો વૈરાગ્નિ શાંત કરવાનો પ્રયત્ન અનાર્યો દ્વારા થયેલો જોવા મળે છે.‘પાટણને ગોંદરે’નાટક દલિતોના ઉદ્ધારક ગણાતા વીર માયાના જીવનની દંતકથા પર આધારિત છે.ત્રણ અંક અને સાત દ્રશ્યમાં વહેચાયેલ આ નાટકમાં નાટયકારે દંતકથા આધારિત સામગ્રીની સાથે સાથે પોતીકી ઘટનાઓ અને પાત્રસૃષ્ટિ ઉભી કરીને દલિત વર્ણ,સમાજ સાથે બિનદલિતો દ્વારા થતા વર્ણભેદ,આભડછેટ,શોષણ,અત્યાચારોના પ્રશ્નો વણી લઈ દલિતોમાં જાગી ઉઠેલી અસ્તિત્વ-સ્વમાનની ભાવનાને સંવેદનાઓને યોગ્ય રીતે રજૂ કરી આપે છે.નાટકમાં પાત્રો વચ્ચે ચાલતા સંવાદો નાટકને જીવંતરૂપ આપે છે.

એ પછી તેમની પાસેથી'હરીફાઇ'એકાંકી સંગ્રહ મળે છે.આ સંગ્રહમાં સંગ્રહિત એકાંકીઓ એક કે તેથી વધુ વખત ભજવાયા અને ઈનામ પણ મેળવી ચુકયા છે.તેમજ અંગ્રેજી-હિન્દી ભાષામાં ભાષાંતરિત પણ થયા છે.આ સંગ્રહમાં'પોપટ ભૂખ્યો નથી','દીવાલો','હરીફાઈ',ભેદભાવનો ભૂંસનાર,'ગળફાંસો','અંતિમ ચરણ','મારે એકાંકી ભજવવુ છે','સંજય અને છગન','હું માણસ'એકાંકીઓ સમાવિષ્ટ છે.સંગ્રહનું પ્રથમ એકાંકી'પોપટ ભૂખ્યો નથી'બિનદલિત છે.ભૂખ-રોટીની મૂળભૂત સમસ્યાને રજૂ કરતુ આ એકાંકી દલિત ન રહેતા શ્રમિક એકાંકી બને છે.પેટનો ખાડો પુરવા માનવીને પશુવત જીવન જીવવુ પડે છે.અહી લેખકે શહેરી-કામદારો-મજૂરોને કરવી પડતી વેઠ અને વેઠને અંતે પણ રોટલો મળતો નથી અને હાડમારીમાં જીવન ગાળવું પડે છે.તેનું ચિત્ર પાત્રો વચ્ચે ચાલતા સંવાદો દ્વારા રજૂ કર્યુ છે.'દીવાલો' પૂર્ણ રીતે દલિત એકાંકી છે.આભડછેટ-જાતપાતની અભેદ દીવાલને તોડવા મથતો અભિજિત પોતાના પ્રયત્નમાં નિષ્ફળ જાય છે.પોતે અવર્ણ-દલિત હોવાથી પ્રેમ કરવા છતા સવર્ણ યુવતી સાથે લગ્નબંધનથી જોડાય શકે એમ નથી.કારણકે આમ કરવા જતા સામાજિક-ઊંચનીચની દિવાલ બાધારૂપ બને છે. જેને ઓળંગવી તેના માટે અશક્ય છે.'હરીફાઇ'એકાંકીમાં સમાજના નબળા વર્ગ અને શક્તિશાળી વર્ગ વચ્ચે ચાલતી'હરીફાઇ'ની વાત છે.શોષક અને શોષિત વચ્ચેની આ હરીફાઈમાં શોષિત વર્ગને હાથે કશું જ ભાગ આવતુ નથી.એવું જ નહી પણ પોતાની પાસે જે હોય છે.તે પણ ગુમાવવુ પડે છે.સમાજમાં એકબીજાથી ચઢિયાતા સાબિત થવાની આ હરીફાઈમાં ગરીબ વર્ગ ભીંસમાં ધકેલાતો જાય છે. લૂંટનાર શાહુકાર થઈને અને લૂંટાનાર ચોર સાબિત થાય છે.ગુનો ન કર્યો હોવા છતા સજાનો ભોગ બનવુ પડે છે.લેખકે પાત્રો વચ્ચે યોજેલા સંવાદો એકાંકીની નાટય ક્ષમતાને પુરવાર કરી આપે છે.'ભેદભાવનો ભૂંસનાર'એકાંકી દલિતોના મસીહા ડો.આંબેડકરને અંજલિ અર્પણ કરતા લખ્યુ છે.લેખક સંગ્રહની પ્રસ્તાવનામાં કબુલે છે એમ એમના લીધે જ પોતે આજે દલિત એકાંકીકાર તરીકે દલિત ચેતનાને લોકો સમક્ષ રજૂ કરતા થયા છે. એનો આનંદ-હર્ષ લેખકને છે.લેખકે આ એકાંકીમાં ચાર માણસોની વાતચીત દ્વારા ડો.આંબેડકરના જીવનના પ્રસંગોને પડદા પર પડછાયા રૂપે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.એક દલિતને - શુદ્રને મારવામાં જેમને કોઈપણ પ્રકારની શરમ કે સંકોચ નથી એવા સવર્ણોને જ્યારે એજ દલિત-પીડિતના કોઈ માનવીને હાથે સપાટા પડે છે.ત્યારે પોતે પોતાને એટલો હીન ગણવા માંડે છે કે આત્મહત્યા કરવા સુધીનું અંતિમ પગલું ભરવાનો નિર્ણય લઈ લે છે.એની વાત લેખકે'ગળફાંસો'એકાંકીમાં રજૂ કરી છે.'મારે એકાંકી ભજવવું છે'એકાંકીમાં લેખકે એકાંકી નાટક ભજવવા અભિનય કરવામાં કલાકારોનું થતું શોષણ- નાટક એકાંકીને રંગમંચ સુધી લાવવામાં કેવા પ્રકારના ખેલ કરવા પડે છે.તેની વાત હળવાશથી ગંભીર શૈલીમાં રજૂ થઈ છે.'અંતિમ ચરણ'નું કથાવસ્તુ મહાભારતના સ્વર્ગારોહણમાં આવતા યુધ્ધિષ્ઠિરના પાત્ર સાથે સંકળાયેલુ છે.પરન્તુ અહી રજૂ થતો યુધિષ્ઠિર ભિન્ન છે.સ્વર્ગ તરફ અંતિમ ચરણ ભરતો યુધિષ્ઠિર શૂન્યમનસ્ક છે.અને તેની સાથે માત્ર સમય છે અને સમય સાથે તે લવારે ચઢયો છે. લેખકે અન્યત્ર એકાંકીમાં જેમ 'અવાજ'નો પાત્ર તરીકે ઉપયોગ કર્યો એમ અહી આ એકાંકીમાં'અવાજ'પાત્ર તરીકે નિરૂપણ પામ્યો છે.પોતાનાથી પોતાના સ્વજનોને થયેલ અન્યાયની વેદના યુધિષ્ઠિરને પીડા આપી રહી છે અને

તેને પસ્તાવો કરવા તરફ ધકેલી રહી છે.જેમાં યુધિષ્ઠિરનો અસલી ચહેરો આપણી સામે ઉપસી આવે છે.'સંજય અને છગન'એકાંકીમાં આવતુ સંજયનું પાત્ર મહાભારતમાં આવતા સંજયના પાત્ર સાથે સંબંધ ધરાવે છે.પણ આ સંજય મહાભારતકાળથી છૂટો પડી ગયેલો છે અને આજની અધુનિક અણુબોમ્બ વાળી દુનિયામાં આવી ચઢ્યો છે. મહાભારત કાળની ગઈકાલ અને સ્વતંત્ર ભારતની આજ કાલમાં કોઈ પરિવર્તન આવેલુ સંજયને જોવા મળતું નથી.ત્યારે પણ શોષિતો-સ્ત્રીઓનુ અપમાન,તેમના પર અત્યાચાર,ગુજારવામાં આવતા હતા અને આજે પણ એ જ કે બીજી રીતે તેમના પર જોર-જુલમ કરવામાં આવે છે તે સંજયને પોતાની  દીર્ઘદષ્ટિમાં દેખાય છે.સંગ્રહનું અંતિમ એકાંકી'હું માણસ' શેરી નાટક છે.જે અનામત વિરોધી આંદોલનના સમય દરમ્યાન જન જાગૃતિ અર્થે લખાયુ હતુ કોમી તોફાનોને લીધે બરબાદ થતી મિલ,કામદાર, દલિત, મુસ્લિમોની હાલાકીઓ,ખૂનામરકી વગેરેની વેદનાઓને ઠાલવતું જાતિ-ધર્મ,નાત-જાતના ભેદભાવ ભૂલી'માણસ'તરીકે પોતાની જાતને ઓળખાવવાનો પ્રયત્ન આ શેરી નાટકમાં થયેલો જણાય છે.

## પ્રકરણ : ૭ :

## વિવેચક દલપત ચૌહાણ

દલપત ચૌહાણ પાસેથી ત્રણ વિવેચનલેખોનાં સંગ્રહ મળે છે.'પદચિહ્ન','સમર્થન'અને'શબ્દભેદ'આ ત્રણે સંગ્રહોમાં તેમણે જુદી જુદી જગ્યાએ યોજાયેલ સેમિનાર તેમજ પુસ્તકની પ્રસ્તાવના લેખે લખી આપેલ લેખો સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.'પદચિહ્ન'માં ઓગણીસ જેટલા લેખોનો સમાવેશ થાય છે.જેમાંથી શરૂઆતના છ લેખ ગુજરાતી દલિત કવિતા વિશેના છે.એ પછીના આઠ લેખ ગુજરાતી દલિતવાર્તા અને નવલકથા વિષયક છે.બે લેખ ગુજરાતી દલિત નાટક-એકાંકી વિષયક અને અંતિમ બે લેખ ચર્ચાપત્ર વિષયક છે.'દલિત કવિતા તરફ એક નજર'લેખમાં તેઓ એક તરફ બિન દલિત કવિઓ ઉમાશંકર,સુન્દરમ્ અને સ્નેહરશ્મિની કવિતાને દલિત કવિઓ દલપત ચૌહાણ,મંગલ પરમાર,મધુકાંત કલ્પિત,નીરવ પટેલની કવિતાને સામ-સામે મૂકીને તુલનાત્મક અભ્યાસ રજૂ કર્યો છે અને દલિત કવિની કવિતા બિનદલિતોની કવિતાથી સહેજપણ ઉતરતી નથી છતા ગુજરાતી સાહિત્યની મુખ્ય ધારાના સાહિત્યકારો-વિવેચકો દલિત કવિતા તરફ આંખમીચામણા કરે છે તે વાતનો રંજ આ લેખમાં રજૂ કર્યો છે.'દલિત પદ્ય અને દલિત પ્રશ્નો'માં દલિત પદ્ય વિશે પોતાની સમજ વ્યક્ત કરવા દલિત કવિઓ સાહિલ પરમાર,પ્રવીણ ગઢવી,જીવણ ઠાકોર વગેરેની રચનાઓ ટાંકે છે અને સાથે સાથે દલિત કવિતા માત્ર એકાંકી જ નહી પણ ગીત અને ગઝલમાં પણ પોતાનો રંગ બતાવી રહી છે.એમ જણાવે છે અને સાથે સાથે દલિત સમાજના પ્રશ્નોને લોકો સમક્ષ મુકી આપવામાં કવિતાનું સ્વરૂપ દલિત સાહિત્યકારો માટે વધુ અનુકૂળ સાબિત થયું છે,એવો સૂર વ્યક્ત કરે છે.'આધુનિકોતર કવિતા'માં દલપત ચૌહાણ દલિત સાહિત્ય/કવિતા ધ્યાનમાં લઈ પોતાની ચર્ચા-વિચારણા પ્રસ્તુત કરે છે.અહી તેમણે દલિત કવિતાના કેટલાક આગવા લક્ષણો તારવી આપીને દલિત કવિતાની વિભાવના બાંધવાનો પોતાની રીતે પ્રયત્ન કર્યો છે.ચોથા લેખમાં પ્રવીણ ગઢવીના કાવ્ય સંગ્રહ'બેયોનેટ'ની કવિતા વિશે પોતાનો આસ્વાદ રજૂ કર્યો છે.'માનવીય સંવેદનાઓનો દસ્તાવેજ' લેખમાં દલપત ચૌહાણ કવિ મૌન બલોલી(ચંદુ પટેલ)ના કાવ્ય સંગ્રહ'દસ્તાવેજ'માં માનવી તરીકેની ઓળખ કઈ રીતે ભૂલાય રહી છે.તેની વેદના કવિહૃદય દ્વારા કેટલી તીવ્રતાથી અભિવ્યક્ત થવા પામી છે.તે વિશેનો પોતાનો અભ્યાસ રજૂ કર્યો છે.એ જ રીતે ભી.ન.વણકરના કાવ્યસંગ્રહ'ઓવરબ્રીજ'ના કાવ્યો વિશે'સ્વર્ગ તરફ પ્રયાણ વાયા ઓવરબ્રીજ'માં પોતાની ચર્ચા પ્રસ્તુત કરી છે.ભી.ન.વણકરના આ કાવ્યસંગ્રહમાં નારીવાદના વલણો દર્શાવતી,મનુવાદનો છેદ ઉડાડતી રચનાઓ સામાજિક-સાંસ્કૃતિક મૂળિયાને લાગેલા લુણોને ઉછેદવાની વાત રજૂ થઈ છે એમ જણાવે છે.મૂળે કવિ પણ વાર્તાક્ષેત્રે પણ જેમણે પોતાનું ગજુ કાઢ્યુ છે.તેવા પ્રવીણ ગઢવીના વાર્તાસંગ્રહ'અંતરવ્યથા'ની વાર્તાઓ વિશેનો પોતાનો અભ્યાસ'ઘરબાંગ ઘરબાંગ-દલિતવાર્તાનો ઢોલ ઢબુક્યો'લેખમાં રજૂ કરે છે.એજ રીતે ગુજરાતી દલિત વાર્તા સાહિત્યમાં જેમનું નામ મોખરે છે,તેવા વાર્તાકાર મોહન પરમારના વાર્તાસંગ્રહ'કુંભી'ની વાર્તાઓ વિશેનો પોતાનો અભ્યાસ રજૂ કરે છે અને

વિવેચકીય અભિગમથી જણાવે છે કે આ સંગ્રહની વાર્તાઓ ગુજરાતી દલિત વાર્તાને એક ડગલુ આગળ લઈ જાય છે.તેમણે આ લેખ સંગ્રહમાં માત્ર ગુજરાતી દલિત સાહિત્યની કૃતિઓ કે સર્જકો વિશે જ નહી પણ અન્ય ભારતીય ભાષાઓના દલિત સર્જકો કે તેમની કૃતિઓ વિશે પણ પોતાનો અભ્યાસ રજૂ કર્યો છે.જેમાં મુન્શી પ્રેમચંદની દલિત જીવનની વાર્તાઓ વિશે તથા કન્નડ નવલકથાકાર સંતે શિવરા લિંગણૈયા ભૈરપાની નવલકથા દાટું(વાડને પેલે પાર)વિશે વાત પ્રસ્તુત કરી છે.તેમનો બીજો વિવેચન-લેખસંગ્રહ'સમર્થન'(૨૦૦૯)છે.સંગ્રહની શરૂઆતમાં તેમના દ્વારા  અપાયેલા'કથન'માં જણાવે છે કે દલિત સાહિત્ય એ જ ગુજરાતી સાહિત્યના સ્થગિત થયેલા પ્રવાહને ફરીથી પ્રવાહિત કરવાનું કામ કર્યુ છે.આ બાબતનું સમર્થન તેઓ સંગ્રહમાં પ્રસ્તુત થયેલા લેખો દ્વારા દઢ કરતા જોવા મળે છે તો સાથે એ પણ ઉમેરે છે કે ગુજરાતી દલિત સાહિત્યમાં જેટલુ સર્જન થયુ છે તેમાંથી ઘણી ઓછી રચનાઓનો સાહિત્યિક આસ્વાદ-રસદર્શન થયું છે.સંગ્રહમાં કુલ બાવીસ લેખો સમાવિષ્ટ છે.જેમાં હિન્દી નવલકથા'ઝીની ઝીની બીની ચદરિયા'(અબ્દુલ્લા બિસ્મિલાહ)વાર્તાસંગ્રહ'ઘૂસ પૈઠિયે'(ઓમ પ્રકાશ વાલ્મિકી),ઉડિયા વાર્તાસંગ્રહ'પાટદેઈ'(વીણાપાણિ મોહંતી)કન્નડ નાટક તલેદંડ(ગિરીશ કરનાડ)એકીકી'શુદ્રતપસ્વી'(કે.વી. પુટપ્પા)વગેરે ભારતીય ભાષાઓની દલિત ચેતનાને રજૂ કરતી કૃતિઓ વિશેના પોતાના આસ્વાદ લેખો રજૂ કર્યા છે.ભારતીય ભાષાઓમાં દલિત સાહિત્ય કેવા પ્રકારનું લખાય છે?અને ગુજરાતી દલિત સાહિત્યને તેમની સાથે કેટલી સમાનતા-વિષમતા છે?તેનો ખ્યાલ ગુજરાતી દલિત વાચકોને આવે તેવો ઉદ્દેશ્ય આ લેખો આપવા પાછળ જણાય છે. ઉપરાંત ગુજરાતી સાહિત્ય વિશેના ચાર,દલિત-કવિતા સંગ્રહો વિશેના બે,નવલકથા વિષયક બે,વાર્તા વિશેના ચાર દલિત એકાંકી અંગેના બે અને બે પ્રકીર્ણ લેખોનો સમાવેશ થાય છે.

## પ્રકરણ : ૮ :

## દલપત ચૌહાણનુ પ્રકીર્ણ સાહિત્ય

કવિતા,વાર્તા,નવલકથાની જેમ તેમની પાસેથી કેટલુંક પ્રકીર્ણ સાહિત્ય પણ મળે છે જેનો અભ્યાસ આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે. જેમાં સંશોધન-સંપાદનનો સમાવેશ થાય છે.તેમની પાસેથી ગુજરાતી દલિત ટૂંકી વાર્તાનું સંપાદન'ગુજરાતી દલિત ટૂંકીવાર્તાઓ'(૨૦૦૯)અને'વણબોટી વારતાઓ'ના નામે મળે છે.તો દલિત કવિતાનું સંપાદન અન્ય સાથે મળીને કર્યુ છે.જેમાં'દુંદુભિ'(૨૦૦૧)અને 'શબ્દે બાંધ્યો સૂરજ' (૨૦૧૧)નો સમાવેશ થાય છે.તો દલિત સાહિત્યના ઈતિહાસની એક કેડી કંડારી આપવાનો પ્રયત્ન કરતું દલિત સાહિત્યનાં ઈતિહાસનું પુસ્તક'દલિત સાહિત્યની કેડીએ'તેમની પાસેથી મળે છે.તેમના આ ઈતિહાસના પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા'શ્રેષ્ઠ સાહિત્ય પુસ્તક પુરસ્કાર'(૨૦૦૮)પણ મળ્યો છે.તેમની પાસેથી ઉત્તર ગુજરાતના દોતર પરગાણાના દલિત પછાતોના શબ્દોનું સંકલન'તળની બોલી'ના નામે(શબ્દકોશ)મળે છે.જે તેમનું દલિત સાહિત્યને વિશિષ્ટ પ્રદાન છે.આ ઉપરાંત દલિત સાહિત્ય સાગમટે અન્ય સાથે'સ્વકીય'(૨૦૧૨)પુસ્તક પણ તેમની પાસેથી મળે છે.

## પ્રકરણ : ૯ :

## ઉપસંહાર

આ પ્રકરણમાં દલિત સર્જક તરીકે તેમની વિશેષતાઓ અને મર્યાદાઓનો સમગ્રલક્ષી અભ્યાસ કરવામાં આવ્યો છે.ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્યની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે આંદોલન કરનાર અને એ માટે અવાજ ઉઠાવનારા દલિત સર્જકોમાં તેમનું પ્રદાન પ્રથમ હરોળનું છે.તેમના આ ઐતિહાસિક પ્રદાનની નોંધ લેવી જ પડે.દલિત સાહિત્ય પ્રત્યે તેઓ પ્રતિબદ્ધ છે.ગુજરાતી દલિત સાહિત્યમાં તેમનો પ્રવેશ કવિતા રચનાથી થાય છે તેમની કવિતામાં તેમણે પોતે અનુભવેલી પીડા શબ્દરુપ પામી છે.અનુભવની સચ્ચાઈનો અવાજ તેમની કવિતામાં સંભળાય છે.ગુજરાતી દલિત નવલકથાક્ષેત્રે તેમનું મહત્વનું પ્રદાન છે.તેમની નવલકથાઓમાં ઉત્તર ગુજરાતની તળપદ બોલીનો ભરપુર ઉપયોગ થયો છે.તેમની નવલકથાઓમાં આઝાદી પૂર્વેના દલિત સમાજનું આલેખન થયેલું છે.એમની ચારેય નવલકથાઓમાંથી પસાર થતા નવલકથાના સર્જક તરીકેનો એમનો ગ્રાફ સતત ઊંચો ચઢેલો જોઇ શકાય છે.ગુજરાતી દલિત વાર્તાક્ષેત્રે પણ એમનું નોંધનીય યોગદાન રહેલું છે.ગુજરાતી દલિત વાર્તામાં જેની નોંધ લેવી જ પડે એવી કેટલીક વાર્તાઓ આપણને તેમની પાસેથી મળે છે.દલિતચેતનાના આલેખનની સાથે વાર્તાકળાને પણ તેઓ વફાદાર રહ્યા છે.આમ આ પ્રકરણમાં દલિત સર્જક તરીકે તેમના મહત્વના યોગદાનને મુલવવામાં આવ્યુ છે.

## પરિશિષ્ટ : ૧

A Presentation Under Departmental Coursework (Phase - I) for Ph.D. Students
દલપત ચૌહાણ કૃત:'મૂંઝારો'વાર્તાનો આસ્વાદ વિષય પર તૈયાર કરેલ Research Paper અત્રે રજુ કરેલ છે

## પરિશિષ્ટ : ૨

સર્જક દલપત ચૌહાણ સાથેની રુબરુ મુલાકાતનો આલેખ અત્રે રજુ કરવામાં આવ્યો છે.

## પરિશિષ્ટ: ૩

સંદર્ભગ્રંથ સૂચિ

અહી સંશોધન કાર્ય દરમ્યાન ઉપયોગમાં લીધેલા ગ્રંથોની સૂચિ રજુ કરવામાં આવી છે.

## પરિશિષ્ટ:૪

કૃતિ સૂચિ

અહી સર્જક દલપત ચૌહાણ દ્વારા સાહિત્યના વિવિધ સ્વરુપોમાં લખાયેલી કૃતિઓની સૂચિ રજુ કરવામાં આવી છે.